ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૧૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૩ ટકા ● સાંજે ૪૬ ટકા

ગાંધીનગર તાપમાન

# શહેરની શેરીઓ સૂની સૂની રે....

## નવરાત્રી-દશેરાની ઉજવણીથી ધમધમતા સેકટરના ચોકઠાઓ સૂમસામ બન્યા : શેરી ગરબાની જમાવટના પગલે લાઈટ-સાઉન્ડ-કેટર્રસ અને કલાકારોને રાહત અનુભવાઈ : જનજીવનની નિરાશા ઘટી

ગાંધીનગર, તા.૧૬

નવરાત્રી પર્વની પૂર્ણાહુતી થતા જ શહેરનો માહોલ શાંતિમય બની ગયો હતો. ગઈકાલે છેલ્લા નવ દિવસથી શહેર આખું જે નવરાત્રીમય બની ગયું હતું. જેમાં શેરીએ શેરીએ અને અનેક સોસાયટીમાં ગરબાની રમઝટ બોલાવીને ખેલૈયાઓએ ઉત્સાહ અને ઉમંગથી નવરાત્રીની આ વર્ષે ઉજવણી કરી હતી ત્યારે નવરાત્રીના નવ દિવસો કયારે પૂરા થઈ ગયાતે સમજાયું જ નહીં. ગઈકાલે શહેર આખું જાણે શોકમગ્ન બની ગયું હોય તેમ એકદમ શાંત માહોલ જોવા મળ્યો હતો.

નવરાત્રી પર્વ નિમિત્તે ગાંધીનગરાઓ રાત્રી દરમિયાન માતાજીના ગરબા રમીને રાત્રે ૧૨ થી ૨ વાગ્યા સુધી જાગતા રહેતા હતા અને આખા શહેરમાં સાઉન્ડ સિસ્ટમના ભણકારાઓ ગૂંજતા હતા તે નવરાત્રી પૂર્ણ થતાની સાથે બંધ થઈ જવાથી ગઈકાલે માહોલ શાંત જોવા મળ્યો હતો. ગરબા રસીયાઓને થોડાક દિવસો સુધી અજુકતું લાગશે જેઓ નવે નવ દિવસ ગરબા ગાઈને ઉત્સાહપૂર્વક માતાજીની આરાધના કરતા હતા તેઓને આ શાંતિવાળુ વાતાવરણ થોડા દિવસ સુધી નિરાશાજનક લાગશે.

નવરાત્રીમાં લાઈટોથી શણગારેલા ગરબા ચોકની રોશની, રોનક, સુંદર ભાતભાતની ગરબીઓ વગેરે નવરાત્રી પૂર્ણ થતા ગરબાચોકમાં અંધકારમય માહોલ જોવા મળી રહ્યો હતો. રાત્રી દરમિયાન જે ગરબાના ગીતોના નાદ સાંભળવા મળતા હતા તે બંધ થઈ જવાથી શહેરમાં સૂમસામ સૂનું સૂનું વાતાવરણ છવાઈ ગયું છે.

ગત બે વર્ષથી કોરોના મહામારીને કારણે ગરબા મહોત્સવ સંપૂર્ણ બંધ રહ્યા હતા પરંતુ આ વર્ષે કોરોનાના કેસો નહીવત જણાતા સરકારે શેરી ગરબાની મંજુરી આપી હતી જેથી ગાંધીનગરમાં નવરાત્રી પર્વની ઉજવણી દરેક ગરબાપ્રેમીઓએ ઉત્સાહપૂર્વક કરી હતી. આમ તો પાર્ટી પ્લોટમાં યુવા વર્ગ દર વર્ષે ગરબા રમવા માટે જાય છે પરંતુ આ વર્ષે તમામ વર્ગના માતાજીના ભકતોએ પરિવાર સાથે ગરબા રમીને એક સાચો આનંદ મેળવ્યો હતો. નવરાત્રી પર્વ નિમિત્તે જેઓ આ તહેવારમાં ધંધો કરતા હોય છે તેઓને આર્થિક રીતે નુકશાન થયું છે પરંતુ તેઓમાં એક ખુશીનો માહોલ પણ છે કે તેઓ આ વર્ષે શેરીમાં પરિવારજનો સાથે ગરબા રમી શકયા, માતાજીની આરાધના કરી શકયા. શહેરીજનો નવરાત્રીને વિદાય આપીને નવ દિવસનો થાક ઉતારવા માટે આરામના મૂડમાં જોવા મળી રહ્યા હતા.

●●●

આ વર્ષે મેં સોસાયટીમાં સાઉન્ડ સિસ્ટમ આપી હતી અને સારો પ્રતિસાદ મળ્યો હતો



કારણકે આ વર્ષે પાર્ટી પ્લોટ બંધ હતા એટલે શેરી ગરબામાં લોકોએ પ્રોપર વેથી ગરબા ગાયા હતા. આ વર્ષે આર્થિક રીતે ખોટ થઈ છે પરંતુ ફેઝ ન કરી શકીએ એટલું મોટું નુકશાન નથી થયું. અલગ અલગ ૩ જગ્યાએ અમારી સાઉન્ડ સિસ્ટમ મુકવામાં આવી હતી. જે લોકો શેરી ગરબા રમતા જ ન હોતા તેઓને આ વખતે એકચ્યુલમાં શેરી ગરબા કેવા હોય છે તે પણ ખબર પડી.


**- જય દવે**
**(દવે સાઉન્ડ એન્ડ લાઈટ)**



●●●

અમે કલ્ચરલ ફોરમમાં દર વર્ષે લાઈટિંગનો બિઝનેસ કરીએ છીએ. આ વર્ષે પાર્ટી પ્લોટનું આયોજન બંધ હતું તેથી શેરી ગરબાના આયોજનોમાં લાઈટીંગ કરવામાં આવ્યું હતું. સોસાસટી અને ગામમાં ગરબા થવાથી સારું લાગ્યુ. આર્થિક રીતે ખોટ થઈ પરંતુ શેરી ગરબાનો ઉત્સાહ અને એ પણ પરિવાર અને સોસાયટીના સભ્યો સાથે ગરબા રમવાથી આ વર્ષે સારું લાગ્યું.

**- જયંતિભાઈ પટેલ**
**(લાઈટ ડેકોરેશન)**



●●●

હું ગુજરાતી, હિન્દી મ્યુઝિક સિંગર છું. દર વર્ષે નવરાત્રી પર્વ નિમિત્તે જૂનાગઢ, મોરબી, અમરેલી બાજુ ગાયક કલાકાર તરીકે જાઉં છું. દસ દિવસ અમારું ગ્રુપ ત્યાં જ રહે છે. પરંતુ આ વર્ષે શેરી ગરબા થવાથી પાર્ટી પ્લોટમાં ગાતા ગાયક કલાકારોને નવરાત્રી પર્વના કોઈ ઓર્ડર નથી મળ્યા. સેલવાસમાં છેલ્લા બે વર્ષથી અમે નવરાત્રી પર્વની ઉજવણી કરીએ છીએ. રેગ્યુલર દિવસોમાં લગ્ન ગીતોના પ્રોગ્રામ કરુ છું. આ વર્ષે દૂર્ગાપૂજા નિમિત્તે પ્રગ્રામ કર્યો હતો. જયાં કચ્છી ગરબા, એક દિવસ પ્રાર્થના, મ્યુઝિકલ સોન્ગ, ગરબાનું આયોજન હતું. જેમાં ઉત્સાહપૂર્વક નવરાત્રીની ઉજવણી કરવામાં આવી હતી.

**- પલ્લવી પટેલ**
**(ધૈવતી મ્યુઝિક ગ્રુપ, ગાયક કલાકાર)**



●●●

આ વર્ષે ગરબા કલાસ નહોતા કર્યા પરંતુ ગરબા વર્કશોપ કર્યો હતો. જે શાંતમ પાર્ટી પ્લોટમાં આયોજિત કર્યો હતો. ગરબા કલાસ બંધ રહ્યા તેથી આર્થિક રીતે નુકશાનુ થયું છે. ગરબા કલાસના કારણે ઈન્કમ સોર્સ ચાલુ રહેતો હતો. પણ બે વર્ષથી અમને નુકશાન થયું છે. શેરી ગરબાથી સમાજ એક સાથે રહ્યો અત્યાર સુધી યુવા વર્ગ જાણતું નહોતું કે શેરી ગરબા કેવા થાય છે? શેરી ગરબાથી બધાએ વડીલો સાથે ગરબા ગાયા હતા જેથી વડીલોને પણ ઘણી મજા આવી જે પહેલાના જૂના જૂના ગરબા હતા તે આ વર્ષે દેખાયા હતા. બે દિવસીય વર્કશોપમાં ૭૦-૮૦ વિદ્યાર્થીઓ આવ્યા હતા. જેમાં ૨૦૦ રૂપિયા ફી હતી અને અમે ફૂડ પેકેટસ, સર્ટીફીકેટ પણ આપ્યા હતા.

**- આકાશ શર્મા**
**(આકાશ ડાન્સ ઝોન, સરગાસણ)**



●●●

એન્ડ ટાઈમ સુધી એકસપેકટ કરતા હતા કે નવરાત્રીની પરમિશન મળશે પણ ના થઈ પછી ૪૦૦ લોકોની મંજૂરી મળી એટલે શરૂઆતમાં ઓછા આયોજનો થયા હતા. બે ત્રણ નોરતા પછી ડેટસ મળી કલાકારોને એટલે જેમને ડેટસ મળી તેમણે વર્ક કર્યું હતું. શેરી ગરબામાં સોસાયટીના ફડીંગમાંથી આયોજન કરવામાં આવે છે. તેથી મોટા આર્ટીસ્ટોને તકલીફ પડે છે. કેનેડામાં વેનકુંવરમાં ગુજરાતી સોસાયટીમાં હું નવરાત્રી પર્વ નિમિત્તે દર વર્ષે ગાયક કલાકાર તરીકે જાઉં છું. આ વર્ષે પરિવાર સાથે ગરબા રમીને ટાઈમ સ્પેન્ડ કરી શકયા.

**- હિમાંશુ બારોટ (ગાયક કલાકાર)**




શહેરના અરવિંદ કેન્દ્ર ખાતે દશેરા નિમિતે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેન્દ્ર સાથે જોડાયેલા તમામ ટ્રેનર અને વિદ્યાર્થીઓ એ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો.



સે-૨૫ સુર્યનારાયણ સોસાયટીના નવરાત્રી ચોકમાં વસાહતી બહેનોએ દશેરાના દિવસે હવન રાખેલ અને રાત્રે પોતાના ઘરેથી દિપ લઈ સમુહમાં માતાજીની આરતી કરી હતી. જેમાં વસાહતના મહિલા અગ્રણી ઉષાબેન, સુશીલાબેન, શિલ્પાબેન, ગીતાબેન, શોભનાબા, મધુબેન, સવિતાબેન, મમતાબા, હર્ષાબેન વગેરે વસાહતી મહિલાઓએ અથાગ પ્રયાસ કર્યો હતો.

# વિજયાદશમીએ ૭ હજાર વર્ષ પૂર્વે યુધ્ધકળામાં વપરાતા હોય તેવા શસ્ત્રોનું પૂજન કરાયું

## શહેરની કર્મવીર એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ ફેડરેશનની રાયફલ શૂટિંગ એકેડેમી ખાતે શસ્ત્રપૂજન યોજાયું







ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં વિજયાદશમીની ઉજવણી પારંપરિક ઉજવણી કરવામાં આવી હતી. ન્યુ ગાંધીનગરના પીડીઈયુ રોડ સ્થિત કર્મવીર એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ ફેડરેશનની રાયફલ શૂટિંગ એકેડેમીની રેન્જ પર દશેરા નિમિત્તે શસ્ત્રપૂજનનું આયોજન કરાયું હતું જેમાં શસ્ત્રપૂજન સાથે ભગવાન શ્રી પરશુરામ અને જગત્ર ઋષિ ગુરુ વશિષ્ઠ દ્વારા ૭ હજાર વર્ષ પૂર્વેના હિન્દુસ્તાનમાં કલરીપયટ્ટની યુદ્ધકળાના શસ્ત્ર જેવા કે યષ્ટી, મગદળ, સમતોલ, ગદા, સિલંબમ ચાકા વગેરેનું યજ્ઞ વિધિથી પૂજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે બનાસ ડેરીના ડિરેકટર દિલીપસિંહ બારડ, સંસ્થાના ડિરેકટર ગજેન્દ્રસિંહ બારડ, ડો. અજયરાજસિંહ બારડ તથા શૂટિંગ કોચ અમિતસિંહ મસાણી અન્ય રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાના શૂટરોએ શસ્ત્રપૂજનમાં ભાગ લઈને રમત ક્ષેત્રમાં આગળ વધે તે માટે શક્તિના સ્રોત એવા મા અંબા ભવાનીની પૂજા અર્ચના કરી હતી.

આ પ્રસંગે ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ રાઈફલ એસોસિએશનના સિનિયર પ્રેસિડેન્ટ ડો.જશવંતસિંહજી રાઠોડ, પ્રેસિડેન્ટ મહેશભાઈ સોલંકી તથા વાઈસ પ્રેસિડેન્ટ નરપતસિંહજી બારડ તરફથી શુભેચ્છા સંદેશ પાઠવવામાં આવ્યો હતો. મિલિન્દભાઈ રાવલ, બિલ્ડર દિપકભાઈ પટેલ, એફએસએલના ડોકટર સગરજી ચતુર્વેદી, મિત રાવલ સહિત ગાંધીનગર ડિસ્ટ્રીકટ રાયફલ એસોસિએશનના સર્વે પદાધિકારીઓ તરફથી દશેરા અને શસ્ત્ર પૂજન નિમિત્તે આયોજીત કાર્યક્રમમાં કર્મવીર એજ્યુ.અને સ્પોર્ટસ એકેડમીને તેમજ સર્વે શૂટરોને વિજયાદશમીની શુભેચ્છાઓ સાથે વિશ્વમાં શ્રેષ્ઠ સ્થાને ગાંધીનગર ડિસ્ટ્રીકટના શૂટરો પહોંચે તેવી મા જગત જનનીને પ્રાર્થના કરવામાં આવી હતી.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે.બી. પ્રાથમિક શાળામાં નવરાત્રી પર્વ નિમિત્તે ધોરણ ૬થી ૮ના વિદ્યાર્થીઓ માટે મટકી ડેકોરેશન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૨૭ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. શાળાના આચાર્ય નીવાબેન પટેલે ભાગ લેનાર તથા પ્રથમ નંબર પ્રાપ્ત કરનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.



## જન્મદિને વધામણી



**ડો. નીતાબેન શેખાત**
લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિના



**મયુર દવે**
મો. ૮૫૧૧૬ ૨૮૯૭૦



**રમણ ભટ્ટ**
મો. ૯૮૯૮૫ ૧૮૮૫૯



**મીત જિજ્ઞેશભાઈ રાજ્યગુરુ**
મો. ૭૯૯૦૦ ૫૧૯૩૧



**એ જી વ્હોરા**
મો. ૯૮૭૯૦ ૧૯૫૬૩



**એઈલીન (જોલી) ક્રિશ્ચિયન**
મો. ૯૬૨૪૦ ૦૦૪૩૧

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- સ્વ. જાટ ફુલાદેવી રામફુલ, ઉ.વ. ૭૩, સેકટર-૧૭
- સ્વ. રાઠોડ હિરાભાઈ છનાભાઈ, ઉ.વ. ૯૮, પેથાપુર
- સ્વ. બારોટ લક્ષ્મીબેન ગંગારામ, ઉ.વ. ૭૫, સે-૨૪, છાપરાં
- સ્વ. દંતાણી પીન્ટુભાઈ કાન્તિભાઈ, ઉ.વ. ૩૬, ધોળાકુવા
- સ્વ. ગૌતમી મયુર દયાળજીભાઈ, ઉ.વ. ૨૬, વાવોલ

**● રૂદ્રભૂમિ ●**

- સ્વ. સાહ મેઘનાથકુમાર મુન્નારાજદેવ, ઉ.વ. ૨૦, સરગાસણ
- સ્વ. પટેલ મીનાબેન અનિલભાઈ, ઉ.વ. ૪૨, કુડાસણ
- સ્વ. પટેલ દક્ષ વિશાલકુમાર, ઉ.વ. ૧૧, વાસણા હડમતીયા

# હે માતાજી.... વેળાસર પધારજો...

## વિવિધ શેરી-સોસાયટીઓમાં નવરાત્રી પર્વને ભાવપૂર્વક વિદાય આપવામાં આવી

●●●
**પ્રમુખ લોટસ, સરગાસણ**



●●●
**સ્વપ્ન વિલા-૩, પેથાપુર**



●●●
**સ્પર્શ કાઉન્ટી બંગ્લોઝ, રાંધેજા**



●●●
**ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ કલબ**



●●●
**ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ**



●●●
**શ્રીનગર શોપિંગ સેન્ટર, સે-૨૪**



●●●
**ઈન્ફોસિટી સ્થિત જીમ**

